ગાંધીનગર સમાચાર

આજથી શહેરમાં દેશભરના ભૌતિકશાસ્ત્રના નિષ્ણાતો ઉમટશે

# શહેરમાં કરવા ચોથની ભાવપૂર્વક ઉજવણી





ગાંધીનગર, તા.૧૯

પતિના દિર્ઘ આયુષ્ય માટે કરવામાં આવતા કરવા ચોથ વ્રતની ભાવપૂર્વક સામુહિક ઉજવણી શહેરની પરિણિત મહિલાઓ દ્વારા કરવામાં આવી હતી. સે-૨મા શ્રીમતી ભૂમિ જોગાણી દ્વારા આ વ્રતની ઉજવણી માટે વિશેષ કાર્યક્રમ અને પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સોથી વધુ મહિલાઓ જોડાઈ હતી.

પરિણિત મહિલાઓનું વિશ્વ તેઓના પતિ પરમેશ્વરમાં જ સમાઈ જાય છે. પતિના લાંબા આયુષ્ય માટે અને તેની સુખ સમૃદ્ધિ માટે મહિલાઓ જાતભાતના વ્રત કરતી હોય છે. ઉત્તર ભારતના મોટાભાગના રાજયોમાં પતિના દિર્ઘાયુ માટે કરવા ચોથના વ્રતની ઉજવણી ખુબ આનંદ અને ઉલ્લાસપૂર્વક કરવામાં આવે છે. ગુજરાતમાં વ્રતની ઉજવણીનું પ્રચલન ઓછુ છે ત્યારે ગાંધીનગરના સેકટર-૨-એમાં રહેતા ભૂમિબેન જોગાણી દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી કરવા ચોથની સામુહિક ઉજવણી ખૂબ જ આનંદ અને ઉલ્લાસપૂર્વક કરવામાં આવે છે. ભૂમિબેનના નિવાસસ્થાને યોજાતી આ પૂજામાં ગાંધીનગર ઉપરાંત બાપુનગર, નિકોલ, સેટેલાઈટ, બોપલ, પ્રહલાદનગર અને શહેરની નજીક આવેલા વાવોલ, પેથાપુર, કુડાસણ, સરગાસણ ખાતે રહેતી પરિણિત મહિલાઓ ભાગ લેવા આવે છે. આ વર્ષે સો થી વધુ બહેનો આ પૂજામાં જોડાઈ હતી. પૂજામાં ભાગ લેનાર બહેનોને ભૂમિબેન જોગણી દ્વારા ઈનામો પણ આપવામાં આવે છે.

ભૂમિબેન જોગાણીના નિવાસસ્થાને કરવામાં આવેલી કરવા ચોથની ઉજવણીમાં શહેરના પૂર્વ મેયર હંસાબેન, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હિનાબેન, સામાજીક કાર્યકર્તા અને મહિલા અગ્રણી મમતાબેન રાવલ, આશાબેન સરવૈયા અને અન્ય મહિલા અગ્રણીઓ આ અવસરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને મહિલાઓને આશીર્વાદ આપ્યા હતા. પૂજાના અંતે ફેનિયા તથા મહાકાલીદાલનો પ્રસાદ આપવામાં આવ્યો હતો.

## @ગાંધીનગર

● કડી સર્વ વિશ્વ વિદ્યાલય સે-૧૫ ખાતે એલ.ડી.આર.પી. હોલમાં સવારે ૯.૦૦ કલાકે આઈ.એ.પી.ટી.ના ૩૧મા વાર્ષિક સમારંભનો ઉદઘાટન સમારોહ યોજાશે.

● ગુજરાત રાજય પાઠયપુસ્તક મંડળ દ્વારા વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓની પ્રશ્ન બેંકનો વિમોચન અને લોકાર્પણ સમારોહ સે-૧૭, ટાઉનહોલ ખાતે સવારે ૧૧ કલાકે યોજાશે.

## લાઈફ ઈન્શ્યોરન્સ એજન્ટ એસોસિએશન ગાંધીનગરના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૧૯

લાઈફ ઈન્શ્યોરન્સ એજન્ટ એસોસિએશન ૮૩બી ગાંધીનગર બ્રાન્ચની સામન્ય બેઠક તાજેતરમાં યોજાઈ હતી. આ બેઠકમાં ચર્ચા વિચારણા બાદ સર્વાનુમતે હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે રાજેન્દ્ર મોદી ઉપપ્રમુખ તરીકે અજય ત્રિવદી, મંત્રી તરીકે સંજય જોષી, સહમંત્રી તરીકે નયન મધુકર, સંગઠન મંત્રી તરીકે ગૌપાલભાઈ લખારા, સલાહકાર તરીકે બાબુભાઈ મેસરવાલા તેમજ કિર્તિભાઈ પટેલ, કારોબારી સભ્ય હેમલભાઈ શાહ, જયેશ આર. કાપડીયા, ભરત પટેલ, ગફુરભાઈ રબારી, કૈલાસબેન પટેલ, વર્ષાબેન ચૌધરી, એન.સી. કાશીપરા, વાસુદેવ પ્રજાપતિ, નીલેશ ત્રિવેદીનો સમાવેશ કરાયો છે તેમ સંસ્થાના જયેશભાઈ કાપડીયાએ જણાવ્યું છે.

## વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટ દ્વારા ઈનામ વિતરણનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૯

'વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટ' દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણનો કાર્યક્રમ ડિસેમ્બર માસમાં યોજવામાં આવ્યો છે.

'વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટ'ના મેનેજીંગ ટ્રસ્ટી વિજય એ. સોલંકી, જનરલ સેક્રેટરી હરેશ એમ. ચાવડા તથા પ્રમુખ સુમંત કે. મકવાણા જણાવે છે કે આગામી ડિસેમ્બર ૨૦૧૬માં યોજાનાર કાર્યક્રમમાં વર્ષ ૨૦૧૩થી ૨૦૧૬ એમ કુલ ૪ વર્ષના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ, નવીન ડીરેકટરી વિમોચન, સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયેલ ટ્રસ્ટના સભ્યો તથા રાજય સરકાર/કેન્દ્ર સરકાર અને બોર્ડ નિગમમાં વર્ગ-૧ અને વર્ગ-૨માં સીધી ભરતીથી નિયુકત થયેલ, પ્રમોશન મેળવેલ અધિકારીઓનું બહુમાન કરવામાં આવશે. આ માટેની જરૂરી વિગતો તા. ૩૧ ઓકટોબર ૨૦૧૬ સુધીમાં ટ્રસ્ટને મોકલી દેવા તેમણે વધુમાં જણાવ્યું છે.

# ત્રણવાર સેમ્પલ બાદ દર્દીને રિપોર્ટ માટે વલખા મારવા પડે છે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર હોસ્પિટલમાં લેબોરેટરી અને વોર્ડના કર્મચારીઓની બેદરકારી સામે આવી છે. દર્દીના ત્રણવાર બ્લડ સેમ્પલ લીધા બાદ પણ રિપોર્ટ મળતા નથી. ત્યારે ઈન્દ્રોડાના દર્દી એ હોસ્પિટલમાંથી રજા લઈને અમદાવાદ હોસ્પિટલની વાટ પકડી લીધી છે. લેબોરેટરીના રોજ બરોજ ધાંધિયા વધી ગયા છે. લેબોરેટરીની લાપરવાહીથી અનેક દર્દીઓ પરેશાન છે ત્યારે તંત્ર દ્વારા યોગ્ય નિરાકરણ આવે તેમ દર્દીઓ ઈચ્છી રહ્યા છે.

ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી સંચાલિત અને એનએબીએચ પ્રમાણિત હોસ્પિટલ કરોડો રૂપીયાના ખર્ચે તૈયાર કરવામાં આવી છે. જિલ્લાભરમાંથી હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. દર્દથી કણસી રહેલા દર્દીઓ માટે શહેરની હોસ્પિટલ આશિર્વાદ રૂપ સાબિત થઈ રહી છે. પરંતુ કેટલાક વિભાગો તેમજ સ્ટાફની બેદરકારીને પગલે દર્દીઓને હેરાની ભોગવવાનો વારો આવે છે. ત્યારે ઈન્દ્રોડા ગામના એક દર્દીને ઝાડા-ઉલ્ટી વધી જતા હોસ્પિટલમાં આઠમા માળે એડમીટ કરવામા આવ્યા હતા. આ દર્દીને લેબ ટેસ્ટ માટે ત્રણવાર સેમ્પલ આપ્યું હતું છતા સેમ્પલનો રિપોર્ટ મળ્યો નહોતો ત્યારબાદ ચોથીવાર સેમ્પલ લેવા નર્સ ગયા ત્યારે દર્દીએ આગળના સેમ્પલનો રિપોર્ટ નથી આવ્યો ને રોજ સેમ્પલ લઈ જાવ છો તેમ કહીને હોબાળો મચાવતા ત્યારબાદ લેબમાંથી શોધખોળને અંતે ત્રીજીવારનો રિપોર્ટ મળી આવ્યો હતો.જયારે દર્દી અને સ્વજન હોસ્પિટલના મેનેજમેન્ટથી કંટાળીને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે દર્દીને લઈ ગયા હતા. પરંતુ તેઓએ આ અંગે હોસ્પિટલના સત્તાધિશોને પણ મૌખિક રજુઆત કરી હતી. લેબના રિપોર્ટ દિવસો વિતવા છતા મળતા ના હોવાનો આ પ્રથમ કિસ્સો નથી. પરંતુ હોસ્પિટલના લેબ સ્ટાફની બેદરકારી સામે તેમજ રિપોર્ટ અંગે પણ અનેક વખત સવાલ ઉભા થયા છે.

# યુવા અનસ્ટોપેબલની અનોખી પહેલ 'પ્લે ફોર ચેરિટી'

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના સેવાભાવી યુવાનોના ગ્રુપ યુવા અનસ્ટોપેબલ દ્વારા તાજેતરમાં શહેરના રિલાયન્સ ચાર રસ્તા નજીક કબીર વર્લ્ડ ખાતે 'પ્લે ફોર ચેરિટી' નામનો કાર્યક્રમ આયોજિત કર્યો હતો. આ કાર્યક્રમમાં યુવાનોએ શહેરીજનોને એક મિનિટનો સમયગાળો ધરાવતી વિવિધ મનોરંજક રમતો રમાડી હતી તથા તેમાં વિજેતાઓને ઈનામો પણ આપ્યા હતા. આ કાર્યક્રમમાં રાખવામાં આવેલ દાનપેટીમાં એકત્ર થયેલ ફંડને યુવા અનસ્ટોપેબલ દ્વારા જરૂરિયાતમંદ વર્ગને મદદરૂપ થવામાં વાપરવામાં આવશે તેવું જણાવ્યું હતું.



યુવા અનસ્ટોપેબલ એ શહેરના એવા યુવાનોનું ગ્રુપ છે જેઓ સતત બીજાને મદદરૂપ થવા તૈયાર હોય છે તેમજ શહેરના જરૂરિયાતમંદ વર્ગ માટે ચેરિટી કાર્યો હાથ ધરે છે. આ ગૃપ દ્વારા આયોજિત 'પ્લે ફોર ચેરિટી'માં હાથના પંજા લડાવવા, સ્ટ્રો બોલ, પહેચાન કોન?, મેક એન્ડ ડિસ્ટ્રોય વગેરે જેવી માત્ર એક જ મિનિટનો સમય ધરાવતી મનોરંજક રમતો રમાડી હતી. આ રમતોમાં ભાગ લેનાર વ્યકિતઓને ભારે મજા પડી હતી. આ સાથે અહીં લાઈવ મહેંદીની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં એક દાન ફંડ માટે બોકસ રાખવામાં આવ્યું હતું. જેમાં ભાગ લેનાર શહેરના યુવાનોએ સ્વેચ્છાએ ફાળો આપ્યો હતો. આ ફાળાને યુવા અનસ્ટોપેબલ ગ્રુપ દ્વારા જરૂરિયાતમંદ વર્ગને મદદરૂપ થવા વાપરવામાં આવશે. આ કાર્યક્રમ સાંજના ૫.૩૦ કલાકે ચાલુ કરાયો હતો જેને પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડતા છેક રાત્રીના ૧૦ વાગ્યા સુધી ચાલ્યો હતો. કાર્યક્રમમાં શહેરના યુવા વર્ગે ભાગ લીધો હતો અને તમામે આયોજકોની આ મનોરંજક છતા સારા ઉદ્દેશથી કરવામાં આવેલ પહેલને બિરદાવી હતી.

## વાતવાતમાં

● શહેરમાં ચાલી રહેલા વાઈરલ ફીવર તથા ચિકન ગુનિયાના વાવર સામે રક્ષણ આપતા આયુર્વેદિક ઉકાળાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ ઉકાળાનું નવા સચિવાલય ખાતેના સરકારી આયુર્વેદ દવાખાનાથી વિતરણ કરવામાં આવી રહ્યું છે.

● શહેરમાં આશરે બે માસ પહેલા બેંકમાં પોતાના ખાતામાંથી રૂ. ૧૭ લાખ જેટલી માતબર રકમ ઉપાડી લાપતા થયેલ પિતા પુત્રીની હજુ સુધી પોલીસને ભાળ મળી નથી. જો કે પોલીસને તાજેતરમાં વૈષ્ણોદેવી સર્કલ પાસેથી એક શ્રમિક બાળકને મળેલ આ પિતા પુત્રીનો તુટેલો મોબાઈલ ફોન મળી આવ્યો છે જે આ કેસમાં કડી રૂપ સાબિત થઈ શકે તેવું જણાય છે.

● શહેરના ગ માર્ગ પર સે-૩-એ ન્યુના વળાંક પાસે એક સપ્તાહથી બિન વારસી હાલતમાં પડી રહેલ ટ્રકને પોલીસે કબ્જે કરી તપાસ હાથ ધરી છે. આ ટ્રકની સીટો વગેરેને ફાડી નાંખવામાં આવેલ હોવાથી ટ્રક ચોરીની હોય તેવી પોલીસને પ્રાથમિક શંકા છે.

● શહેરના વોર્ડ નં. ૮માં સમાવિષ્ટ સેકટર-૪માં સરકારી દવાખાનું ખંડેર હાલતમાં છે જેના કારણે વસાહતીઓને દવા લેવા ખાનગી તબીબોના ભરોસે રહેવું પડે છે. આ દવાખાનાને સત્વરે ચાલુ કરવા વોર્ડ નં. ૮ના કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજુઆત કરવામાં આવી છે.

# કડવા પાટીદાર સમાજના વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

કડવા પાટીદાર સમાજ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ગાંધીનગર દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને દર વર્ષે વિદ્યા પુરસ્કાર આપી નવાજવામાં આવે છે. ત્યારે આ વર્ષે ડિસેમ્બર-૨૦૧૬માં ઈનામ વિતરણ અને સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં એસએસસી-૮૦, એચએસસી-૭૫ ટકા, ડિપ્લોમાં અને ગ્રેજ્યુએટ ૬૦ ટકા, પોસ્ટ ગ્રેજ્યુએટ-૫૫ ટકા, ડોકટર ૫૦ ટકા, રમતગમત, વિશિષ્ટ પ્રતિભાશાળી ઉમેદવારોએ સભ્ય નંબર સાથે માર્કશીટની ઝેરોક્ષ તા. ૧૫-૧૧-૨૦૧૬ સુધીમાં મોકલી આપવી તેમજ શિક્ષણ સમિતિ ઈનામપાત્ર ઉમેદવારોની પસંદગીનું લિસ્ટ તૈયાર કરી સમાજને મોકલી શકે તે માટે સમયસર માર્કશીટ મોકલી આપવા વાલી-વિદ્યાર્થીઓએ ખાસ નોંધ લેવા વિનંતી છે.

# શહેરમાં માર્ગોની આસપાસ તંત્ર દ્વારા સફાઈ અભિયાન

## ચોમાસામાં ઉગેલી બિનઉપયોગી વનસ્પતિ દુર કરવા તંત્રની કવાયત

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી મચ્છરજન્ય રોગચાળો વકરી રહ્યા છે. આ રોગચાળાને કાબુમાં કરવા તંત્ર દ્વારા કવાયત તેજ કરી દેવામાં આવી છે. ચોમાસા બાદ શહેર તેમજ સેકટરોમાં ઉગી નીકળેલી બિનઉપયોગી વનસ્પતિને દુર કરવામાં આવે છે. મચ્છર અને ઝેરી જીવજંતુઓનું ઉદભવ સ્થાન હોવાથી તંત્ર દ્વારા નગરના માર્ગોની આસપાસમાંથી તેમજ સેકટરોમાંથી વનસ્પતિ દુર કરવાની કામગીરી કરવામાં આવી રહી છે.

શહેરમાં અત્યારે હાલના સમયે મચ્છરજન્ય રોગચાળાએ માંથુ ઉંચકયું છે. નગરમાં ઘેરઘેર બિમારીના ખાટલા છે. તંત્ર દ્વાર સર્વેલન્સની કામગીરી ચાલી રહી છે. હોસ્પિટલ તેમજ ખાનગી દવાખાના ઉભરાઈ રહ્યા છે. ત્યારે મચ્છર અને ઝેરી જીવજંતુઓના ઉદભવ સ્થાન સમાન બિનઉપયોગી વનસ્પતિ શહેરમાં ઠેરઠેર દેખાય છે. ચોમાસામાં માર્ગોની આસપાસ તેમજ સેકટરોમાં ઉભી નીકળેલી આ વનસ્પતિમાં મચ્છરો મોટાપાયે ગંદકીના હિસાબે આશ્રય સ્થાન લેતા હોય છે. ત્યારે શિયાળાની સિઝનમાં બિમારી વકરે તે પહેલા કાબુમાં કરવા તંત્ર દ્વારા કવાયત તેજ કરી દેવામાં આવી છે. અત્યારે હાલ નગરમાં જયા નજર કરો ત્યાં કર્મચારીઓ દ્વારા નગરના માર્ગો તેમજ સેકટરોમાં રહેલી ઝાંડી-ઝાંખરા તેમજ બિન ઉપયોગી વનસ્પતિ દુર કરવાનું કામ યુધ્ધના ધોરણે ચાલી રહ્યું છે. આ અંગે તંત્ર દ્વારા મશીન અને મેન પાવર કામે લગાડી દીધુ છે. ત્યારે આગામી થોડાક દિવસોમાં શહેર ચોખ્ખુ ચણક થઈ જશે. જયારે આ કામગીરી આગામી વાયબ્રન્ટ સમિટને અનુલક્ષીને કરાતી હોવાનુ પણ કેટલાક નગરજનોમાં ચર્ચાઈ રહ્યું છે.

# જલારામ મંદિરમાં દર્શન તથા આરતીના સમયમાં ફેરફાર

ગાંધીનગર, તા.૧૯

જલારામ મંદિરના દર્શન તથા આરતીના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

જલારામ સેવા સમાજ ગાંધીનગરના પ્રમુખ જીતેન્દ્રકુમાર સેજાણી તથા મંત્રી સેવંતીલાલ જે. ઠકકરના જણાવ્યા મુજબ આગામી તા. ૨૧ ઓકટોબર ૨૦૧૬ને શુક્રવારથી સે-૨૯ ખાતે શ્રી જલારામ મંદિરની આરતી તથા દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવશે. મંદિર ખુલવાનો સમય સવારે ૬.૦૦ કલાકે, રામેશ્વર મહાદેવની આરતીનો સમય સવારે ૬.૩૦ કલાકે, જલારામ બાપાની આરતીનો સમય સવારે ૬.૪૫ કલાકે, અને બપોરે ૧૨ થી ૪ વાગ્યા સુધી મંદિર બંધ રહેશે.

દર્શનનો સાંજનો સમય ૪ થી ૮.૩૦ સુધી, મહાદેવનીસંધ્યા આરતી સાંજે ૬.૩૦ કલાકે, જલારામ બાપની સંધ્યા આરતી ૬.૪૫ કલાકે થશે તથા દરેક માસના બીજા અને ચોથા શનિવારે સુંદરકાંડ સાંજે ૪.૩૦ થી ૬.૦૦ વાગ્યા સુધી કરવામાં આવશે.

# આજથી શહેરમાં દેશભરના ભૌતિકશાસ્ત્રના નિષ્ણાતો ઉમટશે

## આઈએપીટીના ત્રિ દિવસિય ૩૧મા વાર્ષિક સમારંભનો કેએસવીના યજમાન પદે પ્રારંભ થશે

ગાંધીનગર, તા.૧૯

ઈન્ડિયન એસોસીએશન ઓફ ફિઝિકસ ટીચર્સ (આઈએપીટી) દ્વારા ૩૧મા વાર્ષિક સંમેલનનું આયોજન કડી સર્વ વિશ્વ વિદ્યાલય, સંચાલિત ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝીકસ, શ્રી એમ.એમ. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ સાયન્સ એન્ડ રીસર્ચના યજમાન પદે તા. ૨૦, ૨૧ અને ૨૨ ઓકટોબરના રોજ યોજાનાર છે. આયોજિત કાર્યક્રમમાં દેશભરમાંથી ભૌતિકશાસ્ત્ર ક્ષેત્રે ઉચ્ચ નામના ધરાવતા મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

ઈન્ડિયન એસોસિએશન ઓફ ફિઝિકસ ટીચર્સ (આઈએપીટી) દ્વારા ૩૧મા વાર્ષિક સંમેલનનું આયોજન કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝીકસ, શ્રી એમ.એમ. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ સાયન્સ એન્ડ રીસર્ચના યજમાન પદે યોજાશે. આજે એલડીઆરપી હોલ, સે-૧૫ ખાતે સવારે ૯.૦૦ કલાકે દીપ પ્રાગટય દ્વારા વાર્ષિક સમારંભનો પ્રારંભ થશે.

આઈએપીટીમાં દેશના વિવિધ રાજયોમાંથી ફિઝિકસ વિષયના તજજ્ઞો, સંશોધકો, વૈજ્ઞાનિકો, યુનિ.ના કુલપતિઓ વગેરે ઉપસ્થિત રહી શિક્ષણમાં ફિઝિકસ વિષયની વિવિધ પદ્ધતિ તથા ફિઝિકસમાં થયેલ નવા સંશોધનો રજૂ કરશે. ત્રિ દિવસીય બેઠકમાં 'યુનિવર્સિટીમાં સંશોધન શ્રેષ્ઠતા' અને 'ફિઝિકસ એજયુકેશન ઈન ઈન્ડિયા' વિષય પર તથા ઉપસ્થિત મહાનુભાવો શિક્ષણ પ્રણાલી પર પોતાના સંશોધન પેપર તથા પોતાના વિચારો પ્રગટ કરશે.





### ઓલમ્પિયાડમાં ભારતનો સ્ટ્રાઈક રેટ સો ટકાનો છે

આઈએપીટીના પ્રમુખ ડૉ. એચ.સી. પ્રધાને પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે આઈએપીટી દેશમાં ભૌતિક શાસ્ત્રના વિકાસ માટે સતત કાર્યરત છે. અમે એવા શિક્ષકો તૈયાર કરી રહ્યા છીએ જે ભૌતિક શાસ્ત્ર વિદ્યાર્થીઓને સમજાય તેવી સરળ રીતે રોજબરોજના જીવનના ઉદાહરણો થકી શિખવાડી શકે જેથી વિદ્યાર્થીઓની રૂચિ આ વિષય માટે વધે. આ પ્રસંગે નેશનલ ઓલમ્પિયાડના પૂર્વ ચેરમેન ડૉ. વિજય સીંઘે જણાવ્યું હતું કે અત્યાર સુધી ભારતના જેટલા વિદ્યાર્થીઓએ ઈન્ટરનેશનલ ઓલમ્પિયાડમાં ભાગ લીધો છે તે તમામે મેડલ્સ પ્રાપ્ત કર્યા છે. અને તેમાં ગુજરાતના વિદ્યાર્થીઓનું પ્રદર્શન પણ ઉત્કૃષ્ઠ રહ્યું છે. ૮૫ દેશોના ઓલમ્પિયાડમાં હાલ ભારત ૬ઠ્ઠો ક્રમાંક ધરાવે છે.

ત્રિ દિવસિય કાર્યક્રમના ઉદઘાટન પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પીઆરએલ (ફિઝિકસ રીસર્ચ લેબોરેટરી)ના પૂર્વ ડાયરેકટર પ્રો. એસ.પી. પંડયા, પ્રો. રાજમલ જૈન, ડીન રીસર્ચ એન્ડ સાયન્સ, કેએસવી ગાંધીનગર, મુખ્ય અતિથિ વિશેષ તરીકે પ્રો. શેઓ કુમાર પાન્ડે, વાઈસ ચાન્સેલર પડિત રવિશંકર શુકલા યુનિ. રાયપુર, પ્રો. ડબલ્યુ. એન. ગડે-વાઈસ ચાન્સેલર-સાવિત્રીબાઈ ફુલે-પુણે યુનિ. અને ડૉ. નરોત્તમ સાહુ-એડવાઈઝર-ગુજકોસ્ટ ગાંધીનગર, વલ્લભભાઈ એમ. પટેલ પ્રેસિડેન્ટ કડી સર્વ વિશ્વ વિદ્યાલય ગાંધીનગર, પ્રો. એચ.સી. પ્રધાન આઈએપીટીના પ્રેસિડેન્ટ, કડી સર્વ વિશ્વ વિદ્યાલયના વાઈસ ચાન્સેલર ડૉ. ડી.ટી. કાપડિયા સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે. ભૌતિક શાસ્ત્રના વિદ્યાર્થીઓ માટે આ કાર્યક્રમ ખૂબ જ મહત્વનો તથા માર્ગદર્શક બની રહેશે.

# ઉમિયા પરિવાર દ્વારા ૧૪મી ઊંઝાની પદયાત્રા યોજાશે

શ્રી ઉમિયા પરિવાર ગાંધીનગર દ્વારા છેલ્લા ૧૪ વર્ષથી ગાંધીનગરથી શ્રી ઉમિયા માતાજી ઊંઝાની પદયાત્રાનું આયોજન ધર્મપ્રેમી જનતાના લાભાર્થે કરવામાં આવે છે તે પ્રમાણે આ ૧૪મા વર્ષે પણ આ પદયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે.

તા. ૧૦-૧૧-૨૦૧૬ને ગુરુવારે બપોરે ૨ કલાકે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, સે-૧૨ ખાતે માતાજીના દર્શન કરી આશીર્વાદ લઈ આ સંઘ ૨.૩૦ કલાકે પ્રસ્થાન કરશે. પ્રથમ રાત્રી વૈજનાથ મહાદેવ, વાસણ મુકામે, પછી બીજા દિવસે વહેલી પરોઢે ૪ કલાકે પ્રસ્થાન કરી ગોઝારીયા બપોરે વિશ્રામ કરી રાત્રે દેવીપુરા રોકાણ કરશે. પછીના દિવસે વહેલી પરોઢે પ્રસ્થાન કરી બપોરે વિસનગર વિશ્રામ કરી રાત્રે તરભ રોકાણ કરશે અને ત્યાંથી વહેલી પરોઢે પ્રસ્થાન કરી ઊંઝા પહોંચી સવારે ૯ કલાકે ધજા તથા માતાજીનું પૂજન કરી મંદિરે ધજા અર્પણ કરી ઉજાણી કરી તા. ૧૩-૧૧-૨૦૧૬ને રવિવાર બપોરે ૧૨ કલાકે ગાંધીનગર પરત આવવા નીકળશે. તો આ પદયાત્રામાં જોડાવા ઈચ્છતા ધર્મપ્રેમી ભાઈ બહેનોએ તા. ૫-૧૧-૨૦૧૬ સુધીમાં જરુરી રજીસ્ટ્રેશન ફોર્મ ભરી પોતાનું નામ નોંધાવી બેઝ તથા કેપ મેળવી લેવા પરિવારના સંચાલક કનુભાઈ પી. પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. રેવાભાઈ દલાભાઈ પરમાર, ઉ.વ. ૭૦
- સ્વ. ચીમનલાલ સોમદાસ પટેલ, ઉ.વ. ૬૭
- સ્વ. બબુબેન ધનાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૭૦